દાખલ તારીખઃ- ૦૧/૦૬/૨૦૨૬

રજીસ્ટર તારીખઃ-૦૧/૦૬/૨૦૨૬

ફૈસલ તારીખઃ-૦૮/૦૬/૨૦૨૬

સમયગાળોઃ- વર્ષ- માસ- દિવસ

૦૦- ૦૦ - ૦૭

**મે. ભાવનગરના અધિક સત્ર ન્યાયાધિશ (કુ. આર. એ. નાગોરી) સાહેબની કોર્ટમાં, મુ.તળાજા.**

**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર-૮૦/૨૦૨૬**

**આંક-**

**અરજદાર/આરોપીઃ-**

ભગુભાઇ ઉર્ફે ભગી જીણાભાઇ રાઠોડ

ઉ.આ.વ.-પુખ્ત, ધંધો-મજૂરી,

રહે.-દીનદયાળનગર ખારામાં, પીરના મંદિરની બાજુમાં,

તા.તળાજા, જિ.ભાવનગર.

(હાલ - જિલ્લા જેલ, ભાવનગર.)

**વિરુધ્ધ**

**સામાવાળાઃ-**

શ્રી સરકાર

**બાબતઃ-ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા બાબત અરજી.**

**<u>અરજદાર તરફે વિ.વ.શ્રી એચ.એચ.ત્રિવેદી</u>**

**<u>સામાવાળા તરફે વિ.એ.જી.પી.શ્રી વી.જી.માંડલીયા</u>**

## :: જજમેન્ટ ::

**(૧)** જામીનઅરજી તથા અરજદાર તરફે રજૂ દસ્તાવેજી પુરાવા વિગેરે વંચાણે લીધા. તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ કરવામાં આવેલ સોગંદનામું, પોલીસ પેપર્સ વિગેરે વંચાણે લીધા. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી આર.એચ.ત્રિવેદીને તથા સામાવાળા તરફે વિ.એ.જી.પી.શ્રી વી.જી.માંડલીયાને સાંભળ્યા.

**(૨)** હાલના અરજદાર/આરોપી તરફે તળાજા પો.સ્ટે. એફ.આઇ.આર. નં. ૧૧૧૯૮૦૫૩૨૬૦૨૯૮/૨૦૨૬ (તા.૨૮/૦૫/૨૦૨૬) પ્રોહીબીશન એકટની કલમ-૬૫ (ઇ), ૮૧ મુજબનાં ગુન્હાના કામે અરજદાર જયુડીશીયલ કસ્ટડીમાં હોઇ, જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે હાલની જામીન અરજી કરેલ છે. અરજદાર તરફે જામીન મુકત થવા માટે જે કારણો જણાવેલ છે તે તમામ અરજીમાં લેખિત સ્વરૂપે ઉપલબ્ધ હોઇ તથા આ હુકમ તે અરજી સંલગ્નનો જ હુકમ હોય, તે તમામ કારણોનું અત્રે પુનરાવર્તન કરેલ નથી, પરંતુ તે તમામ કારણો વંચાણે લઇ ધ્યાને લીધેલ છે.

**(૩)** અરજદાર/આરોપી સામેનાં મુખ્ય આક્ષેપો સંક્ષિપ્તમાં જોતાં, અરજદારે તા.૨૮/૦૫/૨૦૨૬નાં કલાક ૧૧/૧૫ થી ૧૨/૦૦ વાગ્યાના અરસામાં દીનદયાળનગર ખારામાં, સ્મશાન રોડ વૃંદાવન પાર્ટી પ્લોટની પાછળના ભાગમાં આવેલ નાળામાં પોતાના કબજામાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે દેશી દારૂ ૬૦ લિટર, કિંમત રૂા.૧૨,૦૦૦/- નો રાખી, રેઇડ દરમિયાન હાજર મળી આવી, અરજદાર સદર ગુન્હામાં સંડોવાયેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે.

**(૪)** અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી આર.એચ.ત્રિવેદીએ દલીલ કરતાં જણાવેલ છે કે અરજદાર/આરોપીએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તે જગ્યા અરજદારની માલિકીની પણ નથી. અરજદારને ખોટી રીતે હાલના ગુનાના કામે સંડોવી દેવામાં આવેલ છે. સદર કામે કેસની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની અદાલતને રહેલી છે. કેસની ઇન્સાફી કાર્યવાહી ચાલવામાં સમય જાય તેમ છે અને તે દરમિયાન અરજદારને જો જામીનમુકત કરવામાં ન આવે તો અરજદારને પ્રીટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. તપાસ કરનાર અધિકારીએ અરજદાર વિરુધ્ધ પ્રોહીબીશન એકટ હેઠળના અન્ય ૨૦ ગુનાઓ નોંધાયેલ હોવાની હકીકત તેઓના સોગંદનામામાં જણાવેલ છે, પરંતુ તેવા ગુનાઓ પૈકી મોટા ભાગના ગુનાની ઇન્સાફી કાર્યવાહી પુર્ણ થઇ ગયેલ છે. અરજદાર તળાજાના કાયમી રહેવાસી છે, અરજદાર કયાંય નાસી ભાગી જાય તેમ નથી. અરજદારના શીરે તેઓના કુટુંબના

જીવનનિર્વાહની જવાબદારી રહેલી છે. અરજદાર નામદાર કોર્ટ ફરમાવે તેવા જામીન આપવા તથા શરતોનું પાલન કરવા ખુશી છે. જેથી, સદર તમામ હકીકતો ધ્યાને લઇ અરજદારને શરતોને આધીન જામીન ઉપર મુકત કરવા રજૂઆત કરેલી છે.

**(૪.૧)** ફરિયાદપક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રી વી.જી.માંડલીયાએ અરજીનો વિરોધ કરી મહદ્ અંશે તપાસ કરનાર અમલદારે રજૂ કરેલ સોગંદનામાની વિગતો રીફર કરી રજૂઆત કરેલ છે કે અરજદાર/આરોપી દારૂ વેચાણની ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંકળાયેલ છે. અરજદાર ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. જો અરજદારને જામીન ઉપર છોડવામાં આવશે તો ફરીથી આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ રાખે તેવી પૂરેપૂરી શકયતા રહેલી છે. વધુમાં, હાલ સદર ગુનાની તપાસ ચાલુ હોઇ, અરજદારને જામીન મુકત કરવાથી ફરિયાદપક્ષના કેસને નુકસાન થવાની શકયતા રહેલી છે. જેથી, સદર તમામ હકીકત ધ્યાને લઇ અરજદારની હાલની જામીનઅરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

**(૫)** પક્ષકારોની રજૂઆત તથા સમગ્ર રેકર્ડ લક્ષમાં લીધા. કોઇપણ બિનજામીનપાત્ર ગુનાના કામે આરોપીને જામીન ઉપર મુકત કરવો કે કેમ તે બાબત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ની જોગવાઇ મુજબ અદાલતની વિવેકબુધ્ધિની સત્તાને આધીન રહેલી છે અને આવી વિવેકબુધ્ધિની સત્તા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોને આધીન વાપરવાની રહે છે. અરજદાર/આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાના કામે રજૂ જામીન અરજી નિર્ણિત કરતી વખતે ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, આરોપીની વય, ટ્રાયલ દરમિયાન આરોપીની હાજરી મળી આવવાની સંભાવના, આરોપીનો પૂર્વ ગુનાહિત ઇતિહાસ વિગેરે પરિબળો લક્ષમાં લેવાના રહે છે. સદર કામે ફરિયાદની હકીકત મુજબ, અરજદારે તા.૨૮/૦૫/૨૦૨૬નાં કલાક ૧૧/૧૫ થી ૧૨/૦૦ વાગ્યાના અરસામાં દીનદયાળનગર ખારામાં, સ્મશાન રોડ વૃંદાવન પાર્ટી પ્લોટની પાછળના ભાગમાં આવેલ નાળામાં પોતાના કબજામાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે દેશી દારૂ ૬૦ લિટર, કિંમત રૂા.૧૨,૦૦૦/- નો રાખી, રેઇડ દરમિયાન હાજર મળી આવી, અરજદાર સદર ગુન્હામાં સંડોવાયેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે. આમ, ફરિયાદ મુજબ અરજદાર વિરુધ્ધ પ્રથમદર્શનીય ગુનો બનતો હોવાનું જણાઇ આવે છે. જો કે, સદર કામે રજૂ તપાસ કરનાર અમલદારનું સોગંદનામું ધ્યાને લેતાં, પોલીસ તપાસના કામે અરજદારની હાજરીની હવે વધુ જરૂર રહેલ હોય તેવું જણાતું નથી. વળી, એક તબકકે અરજદારની પોલીસ તપાસના કામે હાજરીની જરૂર જણાઇ આવે તો પણ તેવી હાજરી શરતો લાદીને સુનિશ્ચિત કરી શકાય તેમ છે. જેથી, ફરિયાદની હકીકત સંદર્ભે ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતાં, નામદાર સર્વોચ્ચ અદાલતે તથા નામદાર ગુજરાત હાઇકોર્ટે તેમનાં વિવિધ ચુકાદામાં જામીન સંબંધિત પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ અરજદાર/આરોપીને શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયોચિત જણાતું હોઇ, જામીન અરજી લગત ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**— :: હુકમ :: -**

અરજદારની હાલની અરજી મંજૂર કરવામાં આવે છે. અરજદાર/આરોપી ભગુભાઇ ઉર્ફે ભગી જીણાભાઇ રાઠોડ, રહે.-દીનદયાળનગર ખારામાં, પીરના મંદિરની બાજુમાં, તા.તળાજા, જિ.ભાવનગરનાઓને તળાજા પો.સ્ટે. એફ.આઇ.આર. નં. ૧૧૧૯૮૦૫૩૨૬૦૨૯૮/૨૦૨૬ (તા.૨૮/૦૫/૨૦૨૬) પ્રોહીબીશન એકટની કલમ-૬૫ (ઇ), ૮૧ મુજબનાં ગુન્હાના કામે અરજદારે રૂા. ૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પુરા-)ના સધ્ધર જામીન સહિતનાં જાતમુચરકા સંબંધિત ટ્રાયલ અદાલતમાં આપ્યેથી અરજદાર/આરોપીને નીચેની શરતોએ જામીન મુકત કરવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમિયાન નિયમિતપણે અદાલત સમક્ષ હાજર રહેવું.

(૨) અરજદાર/આરોપીએ પોલીસ તપાસમાં સહકાર આપવો.

(૩) અરજદાર/આરોપીએ આ કે અન્ય કોઇપણ ગુનાહિત કૃત્યમાં સંડોવણી થાય તેવું કૃત્ય કરવું/કરાવવું નહી.

(૪) અરજદાર/આરોપીએ તેનું કાયમી તથા હંગામી સરનામું પુરાવા સાથે અદાલત સમક્ષ રજૂ કરવું તથા તેમાં ફેરફાર થયેથી તપાસ કરનાર અમલદાર તથા સંબંધિત અદાલતને તેની જાણ દિન-૭માં કરવી.

સદર હુકમની યાદી સંબંધિત અદાલતને તથા પોલીસ સ્ટેશનને લેખિતમાં મોકલવી.

આ હુકમ આજ રોજ તારીખ-૮ મી, માહે-જુન, સને-૨૦૨૬નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા.-૦૮/૦૬/૨૦૨૬
તળાજા.

(આર. એ.નાગોરી)
એડીશનલ સેશન્સ જજ,
ભાવનગર, મુ.તળાજા.
**(જીજે૦૦૫૭૮)**